# ગુજરાત પોસ્ટલ સર્કલ વેલફેર ફંડ

ડાક વિભાગના કાયમી કર્મચારીઓને પ્રોત્સાહન આપવા, તેમનો વિકાસ કરવા તેમજ તેમના કલ્યાણ માટે વેલફેર ફંડમાંથી મળતાં લાભ આ પ્રમાણે છે.

- કર્મચારીનું કુદરતી મૃત્યુ થતાં તેના વારસદારને મૃત્યુ પછીના તાત્કાલીક ખર્ચ માટે રૂા. ૭,૦૦૦/– ની આર્થિક મદદ આપવામાં આવે છે.
- ફરજ દરમ્યાન અકસ્માતથી થયેલ મૃત્યુ પછીના તાત્કાલીક ખર્ચ માટે રૂા. ૧૦,૦૦૦/– ની આર્થિક મદદ આપવામાં આવે છે.
- ફરજ દરમ્યાન આતંકવાદી કે લુટારાના હુમલાને લીધે થયેલ કર્મચારીના મૃત્યુ બદલ રૂા. ૫૦,૦૦૦/– ની આર્થિક સહાય તેના વારસદારને આપવામાં આવે છે.
- કુદરતી આફતો, આગ લાગવી કે પૂર જેવા સંજોગોમાં કર્મચારીને રૂા. ૧૫૦૦/– સુધીની આર્થિક મદદ આપવામાં આવે છે.
- ગંભીર તથા લાંબા સમયની માંદગી જેવી કે કેન્સર, હૃદયરોગ, રીનલ ફેઇલયર, મોટા સર્જીકલ ઓપરેશનના કિસ્સામાં રૂા. ૧૦,૦૦૦/– સુધીની આર્થિક મદદ મળે છે.
- ટીબીના દર્દીને પૌષ્ટિક આહાર લેવા માટે, દવાખાનામાં દાખલ થયેલ હોય તો રૂા. ૪૦૦/– (દર મહિને) તથા (દર મહિને) દવાખાનામાં દાખલ થયેલ ન હોય તો (OPD Patient) રૂા.૨૦૦/– ની આર્થિક મદદ મહત્તમ ૬ મહિના સુધી આપવામાં આવે છે.
- વિકલાંગ કર્મચારીને યાંત્રિક (મોટરાઇઝ્ડ) ટ્રાયસિકલ ખરીદવા માટે રૂા. ૧૫,૦૦૦/– સુધીની આર્થિક મદદ આપવામાં આવે છે. આ ઉપરાંત વ્હીલચેર કે કુત્રિમ ઘોડી (કાંખ ઘોડી) ખરીદવા માટે રૂા. ૧૦૦૦/– સુધીની આર્થિક મદદ આપવામાં આવે છે.

**<u>શૈક્ષણિક યોજના હેઠળ શિષ્યવૃત્તિ</u> :**

| | | |
|---|---|---|
| ૧. | IIT, AIIMSતથાIIM | રૂા. ૩૭૫/– માસિક શિષ્યવૃત્તિ |
| ૨. | ટેકનિકલ શિક્ષણ | |
| | ડિગ્રી તથા માસ્ટર ડિગ્રી | રૂા. ૨૮૦/– માસિક શિષ્યવૃત્તિ |
| | ડિપ્લોમા | રૂા. ૧૯૦/– માસિક શિષ્યવૃત્તિ |
| ૩. | નોન–ટેકનિકલ શિક્ષણ | રૂા. ૧૫૦/– માસિક શિષ્યવૃત્તિ |
| ૪. | ITI સર્ટિફિકેટ કોર્ષ | રૂા. ૯૪૦/– વાર્ષિક શિષ્યવૃત્તિ |
| ૫. | વિકલાંગ બાળકો માટે શિષ્યવૃત્તિ | રૂા. ૪૫/– માસિક શિષ્યવૃત્તિ |

**<u>૧૦માં તથા ૧૨માં ધોરણ માટે શૈક્ષણિક સિદ્ધિ શ્રેષ્ઠતા માટે પ્રોત્સાહન યોજના</u> :**

| | |
|---|---|
| પ્રથમ | રૂા. ૧૦૦૦/– |
| દ્વિતીય | રૂા. ૮૦૦/– |
| તૃતિય | રૂા. ૭૦૦/– |
| ચતુર્થ | રૂા. ૬૦૦/– |
| પાંચમો | રૂા. ૫૦૦/– |

**<u>પર્યટન / પ્રવાસ માટેની આર્થિક સહાય</u> :**

રિક્રિએશન ક્લબ દ્વારા યોજાયેલ ૭૦૦ કિલોમીટર સુધીના સામુહિક પર્યટન/પ્રવાસ માટે કર્મચારીને રેલ્વે/બસ ભાડાની કિંમતના ૬૦ % સુધીની સબસીડી આપવામાં આવે છે.

**<u>ઘોડિયા ઘર માટેની આર્થિક સહાય</u> :**

- નોન રીકરીંગ ખર્ચ માટેની આર્થિક સહાય (સબસીડી) રૂા. ૬૦૦૦/– સુધી
- રીકરીંગ ખર્ચ માટેની આર્થિક સહાય દર મહિને રૂા. ૧૫૦/– (કર્મચારીના બાળક દીઠ) મહત્તમ રૂા. ૩૦૦૦/– સુધી ક્રેચ (ઘોડિયાઘર)ને મળી શકશે.

**<u>હોલિડે હોમ્સ</u> :**

ગુજરાત સર્કલમાં નીચે પ્રમાણે હોલિડે હોમ્સની સુવિધા ઉપલબ્ધ છે.

| | | |
|---|---|---|
| ૧. | સાપુતારા | ૩ રૂમ |
| ૨. | દ્વારકા | ૨ રૂમ |
| ૩. | સોમનાથ | ૧ રૂમ |
| ૪. | મોટી દમણ | ૨ રૂમ |
| ૫. | સાસણગીર | ૧ રૂમ |
| ૬. | પાલિતાણા | ૧ રૂમ |

હોલિડે હોમનું આરક્ષણ નિયત સમય પહેલાં વેલફેર સેક્શન, સર્કલ ઓફિસ, અમદાવાદ – ૩૮૦૦૦૧ ખાતે નિયત કરેલ અરજી પત્રકમાં વિભાગીય ઓફિસ મારફત મોકલવાથી થઇ શકશે.

ખાતાકીય કર્મચારીઓ માટે હોલિડે હોમના એક રૂમનું, એક દિવસનું ભાડું રૂા. ૨૦/– છે. જે ઇન્ડિયન પોસ્ટલ ઓર્ડરથી અરજી પત્રક સાથે મોકલવાનું રહેશે.

**<u>રિક્રિએશન ક્લબને મળતી આર્થિક સહાય</u> :**

૧. કર્મચારીઓની સંખ્યા દીઠ રૂા. ૨૫/– વાર્ષિક સહાય
૨. રિક્રિએશન ક્લબના સભ્ય દીઠ રૂા. ૨૫/– વાર્ષિક સહાય

**<u>પી એન્ડ ટી રેસિડેન્ટ વેલફેર એસોસિએશન</u>**ને (Residents Welfare Association) નિવાસી ક્વાટર દીઠ રૂા. ૧૦/– ની વાર્ષિક સહાય આપવામાં આવે છે.

**નોંધ : વેલફેર ફંડ માંથી મળતા આ તમામ લાભો ડાયરેક્ટોરેટ દ્વારા નક્કી કરેલ નિયમો અને શરતોને આધિન છે.**

ચીફ પોસ્ટમાસ્ટર જનરલ
ગુજરાત સર્કલ, અમદાવાદ – ૩૮૦૦૦૧